# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-08-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- હવામાન વિભાગે આવતીકાલે કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા દર્શાવી છે- આજે પણ આ બંને ક્ષેત્રોમાં હળવોથી ભારે વરસાદ નોંધાયો..
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પણ મુખ્યમંત્રી સાથે વાત કરીને રાજ્યની સ્થિતિનો તાગ મેળવ્યો- મુખ્યમંત્રીએ દેવભૂમિ દ્વારકાના વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યું.. જામનગરમાં તેમણે અધિકારીઓ સાથે વાત કરી..
- રાજ્યના આરોગ્ય વિભાગે ભારે વરસાદથી પ્રભાવિત જિલ્લાઓમાં આરોગ્ય ચકાસણી હાથ ધરી.. કુલ ૩૫ તબીબી ટુકડી સંબંધિત વિસ્તારોમાં મોકલાઇ..
- રાજ્યભરમાં આજે રાષ્ટ્રીય રમત ગમત દિવસની ઉજવણી કરાઇ.
- રાજ્યની ઋચા ત્રિવેદીએ તાજેતરમાં વિયતનામમાં યોજાયેલી પાંચમી આંતરરાષ્ટ્રીય યોગ સ્પર્ધામાં સુવર્ણચંદ્રક મેળવ્યો.

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# WEATHER OVERALL

હવામાન વિભાગે આજે કચ્છ અને સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં અતિભારે વરસાદ થવાની અને આવતીકાલે કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા દર્શાવી છે.

રાજ્યમાં સૌરાષ્ટ્ર, કચ્છમાં હળવોથી ભારે જ્યારે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ઘણા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ આજે નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આજે રાજ્યમાં સૌથી વધુ 287 મિલીમીટર વરસાદ કચ્છના માંડવી તાલુકામાં નોંધાયો છે. આ ઉપરાંત, મુંદ્રા તાલુકામાં 188 મિલીમીટર, દ્વારકામાં 140, અબડાસામાં 129 મિલીમીટર વરસાદ નોંધાયો છે. દસ તાલુકાઓમાં 30થી 100 મિલીમીટર, 35 તાલુકાઓમાં 11થી 30 જ્યારે અન્ય તાલુકાઓમાં 10 મીલીમીટર કે તેથી ઓછો વરસાદ નોંધાયો છે.

દરમિયાન, રાજ્યમાં વરસાદની સ્થિતિને જોતા હવામાન વિભાગે પહેલી સપ્ટેમ્બર સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં કુલ સંગ્રહક્ષમતાના 85 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જ્યારે રાજ્યના 105 ડેમ 100 ટકા ભરાઈ ગયા છે.

# RAIN- RESCUE+ KAMGIRI

રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા છેલ્લા 24 કલાકમાં 1 હજાર 985 લોકોને બચવાયા છે અને 13 હજાર 183 લોકોને સલામત સ્થળે

ખસેડાયા છે. રાજ્યમાં બચાવ કામગીરી માટે NDRFની 17 તેમજ SDRFની 25 ટીમો ઉપરાંત સેનાની 9 કોલમ તહેનાત કરવામાં આવી છે.

વડોદરા જીલ્લામાં આજે વધુ 75 લોકોને સલામત સ્થળે ખસેડાયા છે. કરજણ તાલુકાના સાત ગામોમાં ઢાઢર નદીનું પાણી ફરી વળતા ૧ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાયું. વિશ્વામિત્રીના પાણી શહેરમાં ફરી વળતાં મહિલા ક્રિકેટર રાધા યાદવને NDRFની ટુકડીએ બચાવ્યા. તો જીલ્લામાં બચાવ કામગીરી માટે એક ખાસ વિભાગ શરૂ કરાયો છે તથા કલેક્ટરે નુકસાનીનો તાગ મેળવવા 22 અધિકારીઓની નિયુક્ત કર્યા અને જીલ્લામાં વધુ 29 બોટ ફાળવી છે. શહેરમાં વનવિભાગ દ્વારા છેલ્લા 3 દિવસમાં 70થી વધુ સાપ અને 10 મગરનું રેસ્કયુ કરવામાં આવ્યું છે.

તો જૂનાગઢમાં ભારે વરસાદને કારણે 35 ST બસના રૂટ બંધ કરાયા છે.

મહિસાગરમાં અત્યાર સુધીમાં 125 મકાન ધરાશાયી થયા અને 3 લોકોના મોત થયા છે. પ્રભારી મંત્રી બચુભાઇ ખાબડે અધિકારીઓને વરસાદથી થયેલા નુકસાન અંગે સર્વે કરવા આદેશ આપ્યો છે. જીલ્લા વહીવટી તંત્ર અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

મહેસાણા જિલ્લામાં ભારે વરસાદને કારણે 10 ગામના કાચા મકાનો પડી ગયા છે અને 3 મકાનોની દીવાલ ધરાશાયી થઇ છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઘોઘલા અને વણાકબારા જેટ્ટી પર ત્રણ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાવવામાં આવ્યું છે, સાથે જીલ્લાના માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઇ છે.

અમરેલીમાં જાફરાબાદના દરિયાકાંઠે એક હજાર બોટ કાંઠે લાંગરવામાં આવી છે.

ખેડાના નડિયાદ પાસે આવેલી શેઢી નદીના કિનારે છેલ્લા 42 કલાકથી પાણીમાં ફસાયેલા 6 લોકોને અગ્નિશમન દળે બચાવ્યા...

કચ્છમાં પ્રભારી મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ જીલ્લામાં વરસાદની સ્થિતિ અને વહીવટીતંત્રની તૈયારીઓ બાબતે સમીક્ષા બેઠક યોજી.. મોટા કાંડાગરા પાસે NDRFએ 67 મજૂરોને બચાવ્યા છે.. કચ્છ જીલ્લામાં વરસેલા ભારે વરસાદ અંગે વધુ માહિતી આપે છે અમારા પ્રતિનિધી હેમાંગ પટ્ટણી...

## (બાઇટ- હેમાંગ પટ્ટણી)

સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં PGVCL દ્વારા વીજ પુરવઠો ચાલુ રહે તે માટે શક્ય તેટલા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કર્મચારીઓ દ્વારા થાંભલાઓ ઉભા કરવા, ટ્રાન્સફોર્મર બદલવા, વીજ તાર જોડવા જેવી વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે.

વલસાડ અને સુરેન્દ્રનગરમાં એક એક મહિલાને રેસ્ક્યુ કરીને તેમની સફળ પ્રસૂતિ કરાવવામાં આવી, તો પોરબંદરમાં પણ બાર બહેનોની સફળ પ્રસૂતિ કરાવવામાં આવી.. તો અમરેલીના શિયાળબેટ ગામની સગર્ભા મહિલાને બોટ મારફતે નજીકની આરોગ્ય સંસ્થા ખાતે સ્થળાંતરિત કરવામાં આવી.

# PM CM- RAIN EFFECT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સવારે ફરી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી વરસાદની સ્થિતિની માહિતી મેળવી હતી. એમ મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયાના એક સંદેશમાં જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું, પ્રધાનમંત્રીએ કેન્દ્ર સરકાર તરફથી તમામ સહયોગની ખાતરી આપી છે.

દરમિયાન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જામનગર હવાઈમથક ખાતે ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીમંડળના સભ્યો સાથે બેઠક યોજી વરસાદની સ્થિતિની સમીક્ષા કરી હતી. ત્યારબાદ મુખ્યમંત્રી હેલિકૉપ્ટર મારફતે હવાઈ નિરીક્ષણ કર્યા બાદ દ્વારકાના ખંભાળિયા પહોંચ્યા હતા.

મુખ્યમંત્રીએ કણઝાર ચેકપોસ્ટ ખાતે રામનગર વિસ્તારમાં અસરગ્રસ્તો સાથે વાતચીત કરી હતી. ભારે વરસાદની સ્થિતિને પગલે અધિકારીઓ અને અસરગ્રસ્તો સાથે સંવાદ કરી રાહત બચાવની કામગીરી અંગે માહિતી મેળવી હતી.

જામનગરથી વધુ માહિતી આપે છે અમારા પ્રતિનિધી જગત રાવલ..

**(બાઇટ- જગત રાવલ)**

ત્યારબાદ મુખ્યમંત્રી દેવભૂમિ દ્વારકા પહોંચ્યા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો, જે અંગે વધુ માહિતી આપે છે અમારા પ્રતિનિધી કરણ જોષી...

**(બાઇટ- કરણ જોષી)**

**HARSH SANGHAVI VADODARA**

રાજ્ય સરકારનું સંપૂર્ણ લક્ષ્ય રાહત અને બચાવ કામગીરી પર છે અને આવતીકાલ સુધીમાં વીજ પૂરવઠો પૂર્વવત્ થવાની સંભાવના છે, એમ રાજ્યના ગૃહમંત્રીએ વડોદરામાં જણાવ્યું હતું. ગૃહ રાજ્યમંત્રી પૂરની સ્થિતિ રાહત અને બચાવ કામગીરીનો તાગ મેળવ્યો હતો. દરમિયાન શ્રી સંઘવીએ કહ્યું, વડોદરામાં બચાવ કામગીરી માટે આર્મીની ત્રણ, NDRF અને SDRFની સાત ટીમ કાર્યરત્ છે. ઉપરાંત અમદાવાદ અને સુરત સહિતના શહેરમાંથી અગ્નિશમનની નવ ટીમ વડોદરા મોકલવામાં આવી છે.

ગૃહ રાજ્યમંત્રીએ જણાવ્યું કે, શહેરમાં પૂરના પાણી ઓસરી રહ્યા છે. હાલમાં શહેરમાં પાણી વિતરણ કરતા 13 સમ્પ બંધ થયા હતા, જે પૈકી હવે માત્ર ચાર જ બંધ હાલતમાં છે. આવી પરિસ્થિતિમાં વીજ વિતરણ કરતા 118 ફીડર બંધ થયા હતા. આમાંથી 12 ફિડરમાં હજી પાણી ભરાયું છે તેને પાણી ઓસરતાં જ શરૂ કરી દેવાશે. હાલમાં શહેરના દસ ટકા વિસ્તારમાં ટેન્કર દ્વારા પીવાનું પાણી પૂરુ પાડવામાં આવી રહ્યું છે.

શ્રી સંઘવીએ ઉંમેર્યું, શહેરમાં 1 હજાર 350 આરોગ્યકર્મીઓ આરોગ્યની દરકારની કામગીરીમાં જોડાયા છે. શહેરમાં ઘન કચરાના નિકાલની કામગીરી ઝડપી બનાવવામાં આવી રહી છે..

# TELECOM NETWORK

રાજ્યના અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારોના લોકો માટે ટેલિકૉમ વિભાગે નવો નિર્ણય કર્યો છે, જે મુજબ સબસ્ક્રાઈબ કરેલી ટેલિકૉમ સેવા બંધ હોય તેવા લોકો આવતીકાલે રાત્રે 11 વાગ્યાને 59 મિનીટ સુધી કોઈ પણ ટેલિકૉમ ઑપરેટરના નેટવર્કનો ઉપયોગ કરી શકશે.

# RAIN- AAROGYA VIBHAG

રાજ્યના આરોગ્ય વિભાગે ભારે વરસાદથી પ્રભાવિત અસરગ્રસ્ત જિલ્લાઓમાં રોગચાળો ફાટી ન નિકળે તે માટે અગમચેતીના પગલે આરોગ્ય ચકાસણી  હાથ ધરી છે.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની સૂચનાથી વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં અત્યાર સુધી કુલ ૩૫ તબીબી ટુકડીઓ નાગરિકોના આરોગ્ય ચકાસણી માટે મોકલવામાં આવી છે. હાલમાં વડોદરા મહાનગરપાલિકા વિસ્તારમાં ૨૦, વડોદરા જિલ્લામાં ૧૦, મોરબીમાં બે અને પોરબંદર જીલ્લામાં ત્રણ તબીબી ટીમ પહોંચી છે.

આ ૩૫ ટીમ જરૂરી દવા, સંસાધનો અને એમ્બ્યુલન્સ સાથે વડોદરા, મોરબી અને પોરબંદર જિલ્લામાં પાંચ દિવસ માટે મોકલવામાં આવી છે.

# RAIN- RAILWAY

રાજ્યમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી થઇ રહેલા વ્યાપક વરસાદને કારણે પશ્ચિમ રેલવેના વિવિધ વિભાગોમાં રેલ વ્યવહારને અસર થઇ છે. સત્તાવાર યાદી મુજબ, અમદાવાદ વિભાગના માળિયા- મિયાણા સ્ટેશન ખાતે રેલ માર્ગ પર પાણી ભરાતા આજે ભૂજ-ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ ટ્રેન, હાવડા-અમદાવાદ એક્સપ્રેસ અને પૂણે-વેરાવળ એક્સપ્રેસ ટ્રેન રદ કરવામાં આવી છે

એવી જ રીતે, ઓખાથી મુંબઇ સેન્ટ્રલ સુધીની સૌરાષ્ટ્ર મેલ રાજકોટ સુધી ચલાવાશે. ભારે વરસાદના કારણે ગાંધીધામથી બાંદ્રા ટર્મિનસ

એક્સપ્રેસ આજે માળિયા-મીયાણા- હળવદ- ધ્રાંગધ્રા- વિરમગામ માર્ગે ચલાવવામાં આવી છે.

## NATIONAL SPORTS DAY

રાજ્યમાં રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણીના ભાગરૂપે અમદાવાદમાં ગુજરાતના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવેલા રમતવીરો અને વિવિધ કોચનો સન્માન કાર્યક્રમ આજે યોજાઇ ગયો. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી ચૂકેલા રમતવીરો અને કોચ તેજસ બાકરે, વરજંગ વાળા, એન્થોની જોસેફ, ડેવિડ કોલોગા, અનિલ પટેલ, પ્રમેશ મોદી, નમન ઢીંગરા, જલ્પ પ્રજાપતિ, મિરાંત ઇટાલીયા, વિવાન શાહ, બખ્તિયારુદ્દીન મલેક અને રુદ્ર પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું.

## RUCHA TRIVEDI- IN. NATIONAL CHAMP.

રાજ્યની 13 વર્ષીય ઋચા ત્રિવેદીએ તાજેતરમાં વિયતનામમાં યોજાયેલી પાંચમી આંતરરાષ્ટ્રીય યોગ સ્પર્ધામાં સુવર્ણચંદ્રક મેળવ્યો છે.

મિસયોગીની ઓફ ગુજરાત ટાઈટલ જીતનારી ઋચા ત્રિવેદી ભાવનગરની દક્ષિણામૂર્તિ શાળામાં ધોરણ-૯માં અભ્યાસ કરે છે અને તેણે યોગ ગુરુ રેતુભા ગોહિલ સાહેબના માર્ગદર્શનમાં યોગની તાલીમ લીધી છે. આજ સુધીમાં ઋચાએ રાજ્યથી આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોજાયેલી વિવિધ યોગા સ્પર્ધાઓમાં નોંધપાત્ર દેખાવ કરીને રાજ્ય અને રાષ્ટ્રને ગૌરવ અપાવ્યું છે.